# Surat Municipal Corporation
## e-Magazine

Issue 4
June 3, 2005




### કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયની એક નવીનતમ સેવાનું શહેરીજનોને નજરાણું

કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં નોંધાયેલ વિશિષ્ટ નાગરિકો–સીનીયર સીટીઝન તેમ જ લાંબી બિમારીથી પથારીવશ પીડાતા સભ્યોને તેમના ઘરે પુસ્તકો વિના મૂલ્યે પહોંચાડવાની અને નિયત સમયે તેઓને ઘરેથી પરત લાવવાની અતિ ઉપયોગી સેવા પુરી પાડવાનું આયોજન કર્યુ છે......

વધુ માટે કલીક કરો >>>>>>

### લિંબાયત ઝોનમાં સુમન હાઈસ્કુલ, બે આંગણવાડીઓ અને પુલનું લોકાર્પણ



શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અનવ્યે સુરત મહાનગરપાલિકા ધ્વારા લીંબાયત ઝોન વિસ્તારમાં વિવિધ ચાર જેટલા પ્રોજેકટોની ઉદ્‌ઘાટનવિધિ તા.૨૭–૦૫–૨૦૦૫ને શુક્રવારના રોજ મેયર શ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણ ના વરદ્‌હસ્તે રાખવામાં આવેલ......

વધુ માટે કલીક કરો >>>>>>



### કતારગામ–વરાછામાં નવા ટ્રાફીક સર્કલો બનાવાશે

મહાનગરપાલિકાના ટ્રાફીક સેલ ધ્વારા શહેરની સુંદરતા વધારવા માટે ઠેકઠેકાણે ટ્રાફીક આયલેન્ડ મુકવા સાથે ટ્રાફીક વ્યવસ્થાનેયોગ્ય રીતે વાળવાના પ્રયાસ થઈ રહયા છે. પાલિકાના આગોતર પ્લાન પ્રમાણે શહેરના કતારગામ–વરાછા વિસ્તારમાં સુંદર ટ્રાફીક આયલેન્ડ ટુંક સમયમાં નિર્માણ થનાર છે.....

વધુ માટે કલીક કરો >>>>>>

### સુરત મહાનગરપાલિકાની 'સુમન' શાળાઓનું ગૌરવ



ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા માર્ચ–૨૦૦૫માં લેવાયેલ, એસ. એસ. સી. (ધોરણ–૧૦) નું સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલોનું સરેરાશ પરિણામ ૮૦.૬૮ ટકા રહેવા પામેલ છે. સુરત શહેરની અન્ય માધ્યમિક સ્કૂલોની સરખામણીમાં સુમન હાઈસ્કુલોએ પરિણામ ઉચ્ચુ મેળવી શહેરની અગ્રગણ્ય સ્કૂલોની હરોળમાં સ્થાન મેળવ્યું છે.....

વધુ માટે કલીક કરો >>>>>>



### વરાછાઝોનમાં કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્ત વિધિ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન વિસ્તારમાં નિશાળ ફળીયું, રામજી મંદિર પાસે, નાના વરાછા, સુરત ખાતે અંદાજીત રૂા.૪૧.૫૨ લાખના ખર્ચે સાકારીત થનાર કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ તા.૩૦–૦૫–૨૦૦૫ને સોમવારનાં રોજ મા. મેયરશ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણ ના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવેલ હતી.....

વધુ માટે કલીક કરો >>>>>>

### ડચ આર્મેનિયમ કબ્રસ્તાન



હાલમાં ડચ કબ્રસ્તાન કતારગામ દરવાજા નજીક ગુલામ ફળીયા વિસ્તારમાં આવેલું છે. આર્મેનિયમોનું કબ્રસ્તાન પણ પાસે જ આવેલું છે. અહીંની વિવિધ આકાર અને પ્રકારની કબરોમાંની કેટલીક તો કલાસ્થાપત્યની દૃષ્ટિએ પણ ખૂબ જ નોંધપાત્ર ગણાય છે.......

વધુ માટે કલીક કરો >>>>>>

## કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયની એક નવીનતમ સેવાનું શહેરીજનોને નજરાણું

સુરત મહાનગરપાલિકા સંચાલિત કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય છેલ્લા ૧૫ વર્ષથી શહેરીજનો તેમજ સુરતની આસપાસના વિસ્તારની વિશાળ વાંચનપ્રિય જનતાને પુસ્તકો, ડીજીટલ વાંચન સામગ્રી, અંધજન વાંચકો માટે બ્રેઈલ લીપીમાં સાહિત્ય, વિવિધ વિષયના સામાયિકો અને દૈનિકપત્ર દ્વારા જ્ઞાનવર્ધક વાંચન સામગ્રી પીરસી રહી છે. આ પુસ્તકાલયમાં ૩૨૦૮૧ જેટલા સભ્યો નોંધાયેલ છે અને રોજના સરેરાશ ૨૫૦૦ જેટલા વાંચક મુલાકાતીઓ પુસ્તકાલયમાં આવી પોતાની વાંચનભૂખ સંતોષી રહયા છે. પરિણામે કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય એ સ્વશિક્ષણનું કેન્દ્ર સાબિત થયું છે. કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય વિશિષ્ટ નાગરિકો અને પથારીવશ દર્દીઓ કે જેઓ પુસ્તકાલયના સભ્યો હોય તેવા સભ્યોને તેમનો વાંચન શોખ સંતોષવા એક નવી સેવા આપવા આગકૂચ કરી રહયુંછે. આ નવી સેવા દ્વારા કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયમાં નોંધાયેલ વિશિષ્ટ નાગરિકો–સીનીયર સીટીઝન (૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના) તેમ જ લાંબી બિમારીથી પથારીવશ પીડાતા સભ્યોને તેમના ઘરે પુસ્તકો વિના મૂલ્યે પહોંચાડવાની અને નિયત સમયે તેઓને ઘરેથી પરત લાવવાની અતિ ઉપયોગી સેવા પુરી પાડવાનું આયોજન કર્યુ છે.



જે શહેરીજનો પુસ્તકાલયના સભ્યો ન હોય અને ઉપરોકત સેવાનો લાભ લેવા માગતા હોય તો તેઓને ફોન મળતા પુસ્તકાલયનો કર્મચારી આવા નાગરિકની રૂબરૂ મુલાકાત લઈ તેમને સભ્ય બનાવવામાં આવશે. આથી શહેરનાં તમામ સીનીયર સીટીઝનને આપવામાં આવતી સેવાનો અચુક લાભ મેળવવા વિનંતી.

પુસ્તકાલયનો સમય સવારે ૮–૩૦ થી બપોરે ૧–૦૦ અને બપોરે ૨–૩૦ થી સાંજે ૭–૦૦ નો રહે છે. જયારે સામાયિક કક્ષ તથા વિદ્યાર્થીઓ માટેનો રીડીંગ રૂમ સવારે ૮–૦૦ થી રાત્રે ૮–૦૦ સુધી અવિરત કાર્યભાર સંભાળે છે.

TOP

## લિંબાયત ઝોનમાં સુમન હાઈસ્કુલ, પુલ અને બે આંગણવાડીઓનું લોકાર્પણ

શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અનવ્યે સુરત મહાનગરપાલિકા ધ્વારા લીંબાયત ઝોન વિસ્તારમાં વિવિધ ચાર જેટલા પ્રોજેકટોની ઉદ્‌ઘાટનવિધિ તા.૨૭–૦૫–૨૦૦૫ને શુક્રવારના રોજ મેયર શ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણ ના વરદ્‌હસ્તે રાખવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા સાઉથ ઈસ્ટ ઝોનમાં ઉધના યાર્ડ, જવાહર નગર ખાતે સુમન હાઈસ્કુલ નં.૫ માં રૂા.૧૩.૫૪ લાખના ખર્ચે ચાર માસના ટુંકા ગાળામા તૈયાર કરવામાં આવેલ બીજા અને ત્રીજા માળનું ૫૯૭૨ ચો. ફુટનું બાંધકામ કરવામાં આવેલ છે. આ દરેક માળ પર ૩ વર્ગ ખંડ તથા ૧ સ્ટાફ રૂમ મળી કુલ ૬ વર્ગ ખંડ અને ૨ સ્ટાફ રૂમની સગવડ ઉપલબ્ધ થઈ છે. આ શાળા તૈયાર થવાથી આસપાસનગર, ગણેશનગર, સંજયનગર, ઉધના યાર્ડ, જવાહર નગર, નવા નગર, નીલગીરી વીસ્તારના રહીશોને હાઈસ્કુલની સુવિધા પ્રાપ્ત થશે. આ ઉપરાંત ક્રાંતી નગર તથા રાવ નગર ખાતે રૂા.૪.૭૦ લાખના ખર્ચે ૧૧૬૨ ચો. ફુટની આંગણવાડી ચાર માસના ટુંકા ગાળામાં તૈયાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત સુરત બારડોલી રોડ ઉપર કિરણ મોટર્સ પાસેથી ડુંભાલ લીંબાયત તરફ જતા ૩૬ મીટર ના ટી. પી. રસ્તા ઉપર મોડેલ ટાઉનશીપ પાસે આવેલ ખાડી ઉપર રૂા. ૨ કરોડ ૨૨ લાખના ખર્ચે પુલ તૈયાર કરવામાં આવેલ છે. પુલની લંબાઈ ૧૫ મીટર (બંન્ને તરફ એપ્રોચ સહિત) તથા એપ્રોચની લંબાઈ (બંન્ને તરફ ૪૧ મીટર છે.) પહોળાઈ ૧૯.૩૨ મીટર કુલ (૪ લેન) તથા ૧.૫૦ મીટર ફુટપાથ બંન્ને તરફ ધરાવે છે. આ પુલ બંધાતા આ વિસ્તારમાં વાહનવ્યવહારના પ્રશ્નો તથા પ્રદુષણ હળવું કરવા વધુ સરળતાથી વેગ મળશે. તેમજ મુખ્યત્વે લીંબાયત વિસ્તારને સીધે સીધો ડુંભાલ પુણા વિસ્તાર સાથે જોડી શકાશે.



TOP

## કતારગામ–વરાછામાં નવા ટ્રાફીક સર્કલો બનાવાશે

મહાનગરપાલિકાના ટ્રાફીક સેલ ધ્વારા શહેરની સુંદરતા વધારવા માટે ઠેકઠેકાણે ટ્રાફીક આયલેન્ડ મુકવા સાથે ટ્રાફીક વ્યવસ્થાનેયોગ્ય રીતે વાળવાના પ્રયાસ થઈ રહયા છે. પાલિકાના આગોતર પ્લાન પ્રમાણે શહેરના કતારગામ–વરાછા વિસ્તારમાં સુંદર ટ્રાફીક આયલેન્ડ ટુંક સમયમાં નિર્માણ થનાર છે. કતારગામ વિસ્તારના ભુલાભાઈ પાર્ક ખાતે હિન્દુ રાશી દર્શાવતું થીમ બનાવવામાં આવશે. ભવિષ્યકથન અને રાશી દર્શન દર્શાવતી આ પ્રતિકૃતિવાળો આ ટ્રાફીક આયલેન્ડ અતિશય રમણીય દેખાશે. જયારે વરાછા હીરાબાગ ખાતે પણ આયલેન્ડ બનાવવાની યોજના છે. આયલેન્ડ બનાવવાથી શહેરની સુંદરતામાં ખુબ જ વધારો થશે.




જનશકિત આયલેન્ડ, મજુરા ગેટ

TOP

## સુરત મહાનગરપાલિકાની 'સુમન' શાળાઓનું ગૌરવ

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા માર્ચ–૨૦૦૫માં લેવાયેલ, એસ. એસ. સી. (ધોરણ–૧૦) નું સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલોનું સરેરાશ પરિણામ ૮૦.૬૮ ટકા રહેવા પામેલ છે. જે પૈકી સુમન હાઈસ્કૂલ નં.૨ (વરાછા)૧૦૦ ટકા સાથે સતત ત્રીજા વર્ષે મોખરે રહેલ છે. જયારે સુમન હાઈસ્કૂલ નં.૩ (કતારગામ) ૮૫.૦૩ ટકા, સુમન હાઈસ્કુલ નં.૧ (ઉધના) ૭૭.૫૭ ટકા સુમન હાઈસ્કુલ નં.૪ (અડાજણ) નું ૬૩.૬૩ ટકા તથા સુમન હાઈસ્કુલનં.૫ (મરાઠી માધ્યમ) નું પ્રથમ પરિણામ ૬૮.૪૨ ટકા આવેલ છે. સુમન હાઈસ્કુલ નં.૧ થી ૫ પૈકી સુમન હાઈસ્કુલ નં.૩ (કતારગામ) નાં વિદ્યાર્થી નારીગરા દિપક રમેશભાઈએ ૯૧.૫૭ ટકા ગુણ મેળવી પાંચેય સુમન હાઈસ્કૂલમાં પ્રથમ ક્રમે આવેલ છે.



સુમન હાઈસ્કૂલોમાં ખાસ કરીને સ્લમ અને નબળા વર્ગનાં વિદ્યાર્થી ઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાંથી આવતાં હોવા છતાં સુરત શહેરની અન્ય માધ્યમિક સ્કૂલોની સરખામણીમાં સુમન હાઈસ્કુલોએ પરિણામ ઉચ્ચુ મેળવી શહેરની અગ્રગણ્ય સ્કૂલોની હરોળમાં સ્થાન મેળવ્યું છે.

TOP

## વરાછાઝોનમાં કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્ત વિધિ

શહેરી વિકાસ વર્ષ–૨૦૦૫ અનવ્યે સુરત મહાનગરપાલિકા ધ્વારા વરાછા ઝોન વિસ્તારમાં નિશાળ ફળીયું, રામજી મંદિર પાસે, નાના વરાછા, સુરત ખાતે અંદાજીત રૂ.૪૧.૫૨ લાખના ખર્ચે સાકારીત થનાર કોમ્યુનીટી હોલની ખાતમુહૂર્તવિધિ તા.૩૦–૦૫–૨૦૦૫ને સોમવારનાં રોજ મા. મેયરશ્રીમતી સ્નેહલતાબેન એફ. ચૌહાણ ના વરદ્‌હસ્તે સંપન્ન કરવામાં આવેલ હતી. આ કોમ્યુનીટી હોલ અંદાજીત ૧૧૮૫૦ ચો. ફુટનું બાંધકામ કરવામાં આવનાર છે. જેમાં નગરજનો માટે મુખ્ય હોલ, સ્ટેજની સુવિધા ઉપલ્બધ થશે. આ કોમ્યુનીટી હોલનું બાંધકામ ૬ માસના ટૂંકાગાળામાં પૂર્ણ થશે. આ હોલનું બાંધકામ પૂર્ણ થતા વરાછા વિસ્તારની પ્રજાને વિશાળ સરદાર પટેલ સ્મૃતિભવન ઉપરાંત જરૂરી સુવિધાઓ સાથેનું કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ બનશે.




સરદાર પટેલ સ્મૃતિભવન

TOP

## ડચ આર્મેનિયમ કબ્રસ્તાન





હાલમાં ડચ કબ્રસ્તાન કતારગામ દરવાજા નજીક ગુલામ ફળીયા વિસ્તારમાં આવેલું છે. આર્મેનિયમોનું કબ્રસ્તાન પણ પાસે જ આવેલું છે. અહીંની વિવિધ આકાર અને પ્રકારની કબરોમાંની કેટલીક તો કલાસ્થાપત્યની દ્રષ્ટિએ પણ ખૂબ જ નોંધપાત્ર ગણાય છે. ડચ કબ્રસ્થાનમાં સૌથી અગત્યની કબર ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના હિંદના ડિરેકટર બેરન હેન્રી અડ્રિયન વાર્ન રીડની છે. તેમન કબર કલાની દ્રષ્ટિએ યુરોપિયનોની કોઈપણ કબર કરતાં શ્રેષ્ઠ છે. તેના સુંદર સ્તંભો અને ઉપર નીચેની ગેલેરીઓ, વિશાળ પરીઘવાળા બે ધૂમ્મટો, બારીઓ પરની કાષ્ઠ કલા વગેરે આ ઈમારતના નોંધપાત્ર લક્ષણો છે.

TOP